**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૦.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૯૦ ટકા ● સાંજે ૯૫ ટકા

# ગીરની ગાયના ઘી અને દૂધનું સેવન કરવાનો આગ્રહ રાખતા શહેરીજનો

## ગીરની ગાયના દૂધમાં વધુ પ્રમાણમાં પૌષ્ટિક તત્વો હોય છે : ઘી તમામ રોગોને મટાડવામાં અસરકારક સાબિત : આ ઉપરાંત ગૌમુત્રના અર્કનું સેવન પણ તમામ રોગોથી રક્ષણ આપવામાં મદદરૂપ છે

ગાંધીનગર, તા.૨૮

કોરોનાની મહામારીએ નગરજનોને પોતાના સ્વાસ્થ્ય બાબતે સજાગ કરી દીધા છે. કોરોના થયો હોય કે થયો ના હોય એ તમામ નગરજનો હાલ ઘરગથ્થુ ઉપચારના માધ્યમથી કોરોનાથી બચવાના વિવિધ નુસખા અપનાવી રહ્યા છે. તેમાં રસોડાના મસાલાથી લઈને લીંબુ તથા દૂધ અને ઘી પણ હાલ તમામ નગરજનો ઓર્ગેનિક મળે તેવો આગ્રહ રાખી રહ્યા છે. જેમાં ગીરની ગાયનું દૂધ અને ઘી હાલના દિવસોમાં હોટ ફેવરિટ છે. કહેવાય છે કે ગીરની ગાયના દૂધમાં વધુ પ્રમાણમાં પૌષ્ટિક તત્વો હોય છે અને ઘી તમામ રોગોને મટાડવામાં અસરકારક સાબિત થયું છે. આ ઉપરાંત ગૌમુત્રના અર્ક નું સેવન પણ તમામ રોગોથી રક્ષણ આપવામાં મદદરૂપ છે.

છેલ્લા ઘણા વર્ષોથી આપણા પૂર્વજો જે પ્રાકૃતિક અને ગૌ આધારિત પદ્ધતિથી ખોરાક ખાતા આવે છે તેનું પરિણામ આપણે જોયું જ છે. પહેલાના મનુષ્યનું જીવન ધોરણ સાદગીભર્યું અને ઓછા શોખ વાળું હતું અને આજે તમામ ફાસ્ટ ફૂડના રવાડે વધુ ચડ્યા છે જેને કારણે રોગપ્રતિકારક ક્ષમતામાં ઘટાડો જણાયો છે આને લીધે ઘણા પ્રકારના રોગ થવાની પણ સંભાવના રહે છે. આ તમામ બાબતોનું જ્ઞાન હોવા છતાં પણ ઘણા નગરજનો પોતાની આદતોમાં બદલાવ લાવી શકતા નથી પરંતુ કોરોના આવ્યા બાદ તમામની આંખો હવે ખુલી ગઈ છે નગરના દરેક ઘરોમાં આજે ગિલોઈની ટેબલેટ તથા વિટામિન સી ની ટેબલેટ જરૂરથી જોવા મળે છે આ સાથે ઘરેલુ નુસખા તો ખરા જ. આજે તમામ નગરજનો પોતાના સ્વાસ્થ્ય બાબતે સજાગ થયા છે સવારે ઉઠીને સાંજ સુધીમાં તેઓ શું ખાય છે અને ઘરની બહાર ક્યાં જાય છે તે તમામ બાબતો ની નોંધણી પણ મનોમન રાખી રહ્યા છે કારણ કે આજે કોરોના સર્વત્ર ફેલાયેલો છે. આવા સંજોગોમાં તમામ પોતાની ઈમ્યુનિટી બુસ્ટ કરવા તથા પોષણક્ષમ આહાર મળી રહે તે માટે ઓર્ગેનિક ફૂડ તથા ગીરની ગાયનું ઘી અને દૂધનું દિવસમાં એક વખત જરૂરથી સેવન કરવાનો આગ્રહ રાખી રહ્યા છે. આ વેપાર સાથે જોડાયેલા નગરના જૈમિનભાઈ પટેલને આ બાબતે પૂછતાં તેઓ જણાવે છે કે, વૈદિક પદ્ધતિ સાથે વલોણા દ્વારા બનાવેલું ગીરગાયનું ઘી મોટાભાગના નગરજનોની હાલ પ્રથમ પસંદગી છે.

ગીરની ગાયમાં પૂરતા પ્રમાણમાં પોષણ તત્વો રહેલા છે આમ પણ ભારત સાથે ગૌ સંસ્કૃતિ જોડાયેલી છે અને ગીરની ગાયનું ઘી વિવિધ રોગ જેવા કે, સંધિવા, લીવર કિડની થી જોડાયેલા રોગ, આંખો સંબંધિત સમસ્યા સાથે ફર્ટિલિટી માટે પણ ઉપયોગી છે. આ તમામ સિવાય અનેક રીતે ગીરની ગાયનું ઘી અસરકારક સાબિત થયું છે.

### ગાયના દૂધના સેવનથી થતા ફાયદા

- દૂધ શીતલ, મધુર, સ્નિગ્ધ તથા વાત પિત્તનાશક છે.
- દૂધ તૃષા, હૃદયરોગ, પાંડુ રોગ, માનસિક રોગ, શોષ ભ્રમ જેવા અનેક રોગોમાં ઉપયોગી છે.
- દૂધ શક્તિવર્ધક છે તેમાં પણ ખાસ ગીરની ગાયનું દૂધ બે થી ત્રણ કલાકમાં પચી જાય છે.
- ગાયનું દૂધ પુષ્ટિકારક પહેલું તૃપ્તિ આપનાર તથા આંખોના રોગ સાથે અનેક રોગો દૂર કરનારું છે.







### ગાયના ઘીના સેવનથી થતા ફાયદા

- ગાયનું ઘી એક અમૃત સમાન છે.
- ગાયના ઘીનું સેવન કરવાથી કોલેસ્ટ્રોલ વધતું નથી.
- ગાયનું ઘી નાકમાં નાખવાથી એલર્જી દૂર થાય છે તથા શરદી અને કાનના રોગ દૂર થાય છે.
- ગાયના ઘી થી યાદ શક્તિમાં વધારો થાય છે.
- હાલ કોરોનામાં જ્યારે ઇમ્યુનિટી અને શક્તિની ખાસ જરૂર છે ત્યારે દેશી ગાયના ઘીનું સેવન અત્યંત ફાયદાકારક છે.



દરેક શ્રધ્ધાળુ પોતાના ઈષ્ટદેવ પ્રત્યેની આસ્થા અલગ અલગ રીતે વ્યકત કરતા હોય છે અને આ વિભિન્નતાનો સ્વીકાર એ જ ભારતીય સંસ્કૃતિનું સોનેરી પાસું છે. શહેરના સેકટર-૭માં શાકમાર્કેટમાં શાકભાજીના વેપારીઓ પોતાની લારી પર રામદેવપીરની ધજા લગાવી પોતાની શ્રધ્ધા વ્યકત કરી રહ્યા છે.

## ‘કેરિયર ઓપોર્ચ્યુનિટી ઈન ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રી પોસ્ટ કોવિડ-૧૯’ વિષયે ઓનલાઈન વેબિનાર યોજાયો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગરની કડી સર્વ વિશ્વવિદ્યાલયના યુનિવર્સિટી પ્લેસમેન્ટ વિભાગ તથા એમ.એમ. પટેલ સાયન્સ કોલેજના સંયુક્ત ઉપક્રમે ‘કેરિયર ઓપોર્ચ્યુનિટી ઈન ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રી પોસ્ટ કોવિડ-૧૯’ વિષયે ઓનલાઈન વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પિરામલ એન્ટરપ્રાઈસ લિ.ના ચીફ મેનેજર એ.આચ. હેમલભાઈ ગજ્જર, એસબીઆઈ બેંક લર્નિંગ એન્ડ ડેવલોપમેન્ટ સેન્ટર, ગાંધીનગરના ચીફ મેનેજર અને ફેકલ્ટી વિક્રમભાઈ શાહ, અસ્તિવા ફાઉન્ડેશનના સીઈઓ પંકજભાઈ મલ્લ, માણેકલાલ એમ. પટેલ સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. કેયુર શાહ વગેરેએ ઓનલાઈન ઉપસ્થિત રહીને કોરોના મહામારીમાં આવનાર સમય દરમ્યાન વિદ્યાર્થી કારકિર્દી ઘડવા માટે કેવી રીતે તૈયાર થવું તથા આવનાર સમયમાં કેવી તકો ઉભી થશે તેની વિસ્તારથી વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આયોજિત વેબિનારમાં ભાગ લેનાર ૨૪૦ વિદ્યાર્થીઓ સહિત ઉપસ્થિત મહાનુભાવોને યુનિવર્સિટીના પ્રસિડેન્ટ વલ્લભભાઈ પટેલે શુભેચ્છા પાઠવી હતી.

**લેકાવાડા ગામનો બનાવ**

## નામથી બોલાવવા ઠપકો આપતા યુવક પર બે શખ્સોનો હુમલો

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર-ચિલોડા માર્ગ પર આવેલા લેકાવાડા ગામમાં સામાન્ય બાબતે યુવકો વચ્ચે મારામારી થઈ હતી. આ બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ લેકાવાડા ગામે રતન ટેકરી ખાતે રહેતા ૧૯ વર્ષીય રવિરાજ અજીતજી ઠાકોરને ગામના કિશનસિંહ દિપસિંહ વાઘેલા અને બ્રિજેશસિંહ અજીતસિંહ વાઘેલા રવિરાજને ખોટા નામે ચીડવતા હતા. જેને અનુલક્ષી યુવકે નામથી બોલાવવા અંગે ઠપકો આપ્યો હતો. જેથી ઉશ્કેરાયેલા બંને શખ્સોએ તેના પર હુમલો કર્યો હતો. જેમાં બ્રિજેશે લોખંડની પાઈપથી માર માર્યો હતો. આ સમયે દોડી આવેલા ફરીયાદીના કાકાએ તેને વધુ મારમાંથી બચાવ્યો હતો. ત્યારબાદ બંને શખ્સોએ યુવકને મોતની ધમકી આપી ભાગી ગયા હતા. યુવકને મારને પગલે ઈજા પહોંચતા ઘરે જઈને વાત કરતા તેના પિતા તેને તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ ગયા હતા. જયારે બનાવ અંગે યુવકે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે યુવકોને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

## સે-૩૦ સાબરમતિ નદીના કોતરોમાંથી કારમાંથી દેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૮

સાબરમતિ નદીના બ્રિજ થી સેકટર-૩૦ સર્કલ તરફ જવાના માર્ગ પર નદીના કોતરોમાં બિનવારસી પડી રહેલી અલ્ટો કારમાંથી દેશી દારૂ એલસીબી-૨ પોલીસે ઝડપી પાડ્યો છે. ગુરૂવારના રોજ રાત્રીના ૧૧ વાગ્યાના અરસામાં જી.જે.૦૧.એચ.બી.-૧૦૬૩ કારમાં તપાસ કરી હતી. કારની ડેકીમાંથી પ્લાસ્ટીકના કેરબામાંથી દેશી દારૂ ૧૫ લીટર મળી આવ્યો હતો. પોલીસે રૂ.૩૦૦ ની કિંમતનો દેશી દારૂ અને દોઢ લાખની કાર કબ્જે કરી પ્રોહિ એકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



શહેરમાં ગણેશોત્સવ સમાપન તરફ આગળ વધી રહ્યો છે અને આ વર્ષે જે શ્રધ્ધાળુઓએ પોતાના ઘરે વિઘ્નહર્તા ગણપતિનું સ્થાપન કર્યું હોય તેમણે વિસર્જન પણ ઘરે જ કરવાનું છે તેવી સરકારની ગાઈડલાઈન છે. ગાંધીનગરના સેકટર-૮માં હરેશ જાદવ તથા તેમના પરીવારે પોતાના ઘરમાં મંગલમૂર્તિ શ્રીજીની માટીની મૂર્તિ સ્થાપિત કરીને શ્રધ્ધા સાથે પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ પણ પ્રદર્શિત કર્યો હતો અને સમાપને દુંદાળા દેવનું ઘરમાં જ વિસર્જન કર્યું હતું.

### ચિરવિદાય

- સ્વ. ગાભુજી ભીખાજી ચૌહાણ, ઉ.વ. ૫૭, ઈન્દ્રોડા, તા. ગાંધીનગર
- સ્વ. નાથુભાઈ ટીડાભાઈ પટેલ, ઉ.વ. ૫૧, આતમપુરા, તા. દહેગામ
- સ્વ. શાહ મુકેશભાઈ પોપટલાલ, ઉ.વ. ૬૫, સેકટર-૨૩, ગાંધીનગર
- સ્વ. સંગીતાબેન રાજેશકુમાર સોલંકી, ઉ.વ. ૬૮, ઓતાજીના છાપરાં, ડભોડા
- સ્વ. વાઘરી વિક્રમભાઈ બળદેવભાઈષ ઉ.વ. ૧૭, સોકર-૧૩-છાપરાં, ગાંધીનગર
- સ્વ. રઈબેન સુખાજી ઠાકોર, ઉ.વ. ૮૦, ફતેપુરા, પેથાપુર, તા. ગાંધીનગર
- સ્વ. રમેશચંદ્ર રામરતનદાસ સાધુ, ઉ.વ. ૬૨, મુ. કોલવડા, તા. ગાંધીનગર
- સ્વ. દિલિપભાઈ નટવરલાલ શાહ, ઉ.વ. ૬૭, કુડાસણ, તા. ગાંધીનગર
- સ્વ. સોની ડાહ્યાભાઈ લાલજીભાઈ, ઉ.વ. ૬૬, કલોલ, તા. ગાંધીનગર
- સ્વ. વસંતભાઈ પોપટલાલ શાહ, ઉ.વ. ૭૪, સેકટર-૨૮, ગાંધીનગર



જેને પેટિયું રળવું છે તેને કોઈને કોઈ કામ મળી રહે છે, પેલું કહેવાય છે ને કે, ‘જેણે દાંત આપ્યા છે તે ચવાણું પણ આપશે જ.’ અત્યારે કોરોના મહામારીના કાળમાં અર્થતંત્ર ઘેરી મંદીના સપાટામાં ફસડાયું છે. આ સ્થિતિમાં રાજસ્થાનના કેટલાક શ્રમજીવી પરિવારો ગાંધીનગરમાં ફુટપાથ પર બેસીને રમકડાંના ટ્રેકટર વેચી ગુજરાન ચલાવવા પ્રયાસ કરી રહ્યા છે. રૂ. ૧૦૦થી ૮૦૦ સુધીની કિંમતના આ રમકડાં વેચાણમાં પણ તેમને મંદી નડી રહી છે જેથી અપેક્ષા મુજબ વકરો પ્રાપ્ત થઈ શકતો નથી.






ગાંધીનગરમાં કોરોના વાયરસ સંક્રમણના કેસો દિન પ્રતિદિન વધી રહ્યા છે અને શહેરના લગભગ તમામ વિસ્તારમાંથી કોવિડ-૧૯ પોઝિટવ દર્દીઓ મળી ચુકયા છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા શકય હોય તેટલી વધુ સંખ્યામાં કોરોના ટેસ્ટીંગ કરવાનું બીડું ઝડપ્યું છે જે અંતર્ગત સેકટર-૫માં શોપીંગ સેન્ટર આગળ હેલ્થ કર્મીઓ સેવા આપી રહ્યાં છે.

# સુરક્ષા સેતુનો ‘શ્રવણ’ હવે શહેરના વડીલોની સંભાળ રાખશે

## ગાંધીનગર જિલ્લા પોલીસની સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા પાટનગરમાં એકલવાયું જીવન જીવતા મોટી વયના સિનિયર સિટીઝન્સ માટે અનોખો ‘શ્રવણ’ પ્રોજેકટ : વડીલોને જરૂરી સેવા પુરી પાડવા સાથે એકલતા દૂર કરી યોગ્ય માર્ગદર્શન આપવાનું કામ કરાશે : ખાસ પ્રકારની મોબાઈલ એપ દ્વારા ‘શ્રવણ’ કાર્યરત થશે

ગાંધીનગર, તા.૨૮

હવે ગાંધીનગરમાં એકલવાયું જીવન જીવતા મોટી વયના વડીલોને તબીબી સેવા, માનસિક અવસ્થા, બેકિંગ કે પેન્શન સહિતની અન્ય સરકારી કામગીરી જેવી સમસ્યાઓમાં જિલ્લા પોલીસની સુરક્ષા સેતુ સોસાયટી ‘શ્રવણ’ બનીને સેવા પુરી પાડશે. આ માટે સુરક્ષા સેતુ દ્વારા પ્રોજેકટ ‘શ્રવણ’ અંતર્ગત ખાસ રીતે એક મોબાઈલ એપ્લિકેશન તૈયાર કરાશે તેમજ શહેરના સેકટર કે વિસ્તાર દીઠ સ્વયંસેવકોને જવાબદારી સોંપવામાં આવશે તેવી જાણકારી આજે સુરક્ષા સેતુના લાયઝન અધિકારી પી.સી. વલેરાએ આપી હતી.

‘વડીલો બોજ નથી પરંતુ જવાબદારી છે’ તે વિધાનને સાર્થક કરવા જઈ રહેલી સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા ‘શ્રવણ’ પ્રોજેકટ તૈયાર કરવામાં આવ્યો છે જે સ્થાનિક પોલીસના તથા સ્વયંસેવકોના સહયોગથી શહેરમાં એકલવાયુ જીવન ગાળતા મોટી વયના સિનિયર સીટીઝન માટે આશીર્વાદરૂપ સાબિત થશે. અત્યંત સંવેદનાપૂર્ણ આ પ્રોજેકટની પ્રેરણા લોકડાઉન દરમિયાન પોલીસને પ્રાપ્ત થઈ હતી જયારે પોલીસને ૧૦૦ નંબર પર એવા વડીલોના કૉલ મળ્યા જેમના ઘરે ઘરઘાટી કે રસોયાએ આવવાનું બંધ કરી દીધું હતું અને આ વડીલોને ભોજન-દવા સહિત દરેક કાર્યોમાં ભારે પરેશાનીનો સામનો કરવો પડયો હતો. જિલ્લા પોલીસ વડા મયૂરસિંહ ચાવડાની મંજૂરી અને સહકારથી શરુ કરવામાં આવી રહેલા ‘શ્રવણ’ પ્રોજેકટમાં હાલ સુરક્ષા સેતુ દ્વારા વડીલોની તથા આ પ્રોજેકટમાં સેવા આપવા તત્પર યુવા સ્વયંસેવકોની નોંધણીનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. આ નોંધણી પ્રક્રિયા બાદ તેના ડેટાનો અભ્યાસ કરીને વિસ્તાર દીઠ સ્વયંસેવકોને જવાબદારી સોંપવામાં આવશે. પહેલા ‘શ્રવણ’ મોબાઈસ એપની વડીલોને તાલીમ આપવામાં આવશે જેના થકી વડીલો આ પ્રોજેકટનો લાભ મેળવી શકશે અને જરુરી સેવાઓ પ્રાપ્ત કરવા ઉપરાંત પોતાનું એકાકીપણું પણ દૂર કરી શકશે.

શ્રવણ પ્રોજેકટમાં અત્યારે વાગ્મિન બૂચ, પ્રિયંકા બુચ, અદિતી દેસાઈ, પાર્થ, આશા પટેલ, વિશાલ વગેરે સ્વયંસેકો પ્રાથમિક ધોરણે જોડાયા છે. ટૂંક સમયમાં એક પેમ્ફલેટ બહાર પાડી વડીલો તથા વધુ સ્વયંસેવકોની નોંધણીનું કાર્ય હાથ ધરવામાં આવશે. આ કાર્ય માટે એક અલગ મોબાઈલ નંબર પણ જાહેર કરવામાં આવ્યો છે જેના પર વ્હોટસએપ મેસેજ દ્વારા પોતાનું નામ, નંબર, સરનામું અને વાહનની વિગત સાથેનો મેસેજ કરી સ્વયંસેવકો જોડાઈ શકશે તેમને ઓળખપત્ર પણ આપવામાં આવશે.

### ‘શ્રવણ’ સ્વયંસેવકો કેવી સેવા આપશે?

વડીલોને એકલતા દૂર કરવામાં મદદરૂપ થવા ઉપરાંત દવાખાને જવું હોય, મંદિરે જવું હોય, બેંક, તિજોરી કચેરી કે અન્ય સરકારી કામકાજ અર્થે જવું હોય, ફિઝિયોથેરેપી કે તેવી કોઈ સારવાર માટે નિયમિત જવાનું હોય, પ્રવાસ કરવો હોય, ટિફીન સેવાની જરૂર હોય અથવા કોઈ આકસ્મિક સેવાની જરૂર પડે તો શ્રવણ સ્વયંસેવકો મદદરૂપ થશે. જો કે શ્રવણ પ્રોજેકટ અંતર્ગત કોઈ પણ જાતની આર્થિક મદદ નહીં કરવામાં આવે પરંતુ વડીલોને મળવા પાત્ર સરકારી યોજનાઓ, બેંકની યોજનાઓ, મુસાફરીમાં મળતા લાભ, સંતાનો દ્વારા અવગણનાની સ્થિતિમાં કાનુની સલાહ કે રક્ષણ અંગે માર્ગદર્શન આપવામાં આવશે.

### વડીલો કેવી રીતે ‘શ્રવણ’ની સેવા મેળવશે?

વડીલોએ એક ફોર્મ ભરીને અથવા મોબાઈલ નંબર ૯૧૦૪૦૬૫૯૬૯ પર વ્હોટસએપ મેસેજ કરી પોતાનું નામ નોંધાવવાનું રહેશે આ પછી જયારે મોબાઈલએપ લોન્ચ થશે તેના દ્વારા તેઓ શ્રવણનો સંપર્ક કરી શકશે. મોબાઈલ એપ પણ વડીલો આસાનીથી ઉપયોગ કરી શકે તેવી સરળ હશે જેમ કે લીલું બટન પ્રેસ કરવાથી પોતાની સુરક્ષાની ખાત્રી આપી શકશે, મેડીકલ સેવા માટે લાલ બટન, વાત કરવા વાદળી બટન દબાવવું વગેરે. આ પ્રોજેકટ સમગ્ર ગુજરાતમાં સૌ પ્રથમ ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા કરાઈ રહ્યો છે.